**<u>ફોજદારી કેસ નંબર– ૬૦૪૬/૧૯૯૨ ના કામે આંક ૧ લગતનો હુકમ:–</u>**

૧) ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ લઘુતમ વેતન એકટ અન્વયે કરવામા આવેલ છે.આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા, સદર કામ આરોપી પર પ્રોસેસ બજવાના તબ્કકે ઘણા સમયથી પેન્ડીંગ છે, ફરિયાદી છેલ્લી ઘણી મુદૃતથી હાજર રહેલા નથી. આ કામમા ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી પર પ્રોસેસ બજાવવા માટેની પ્રોસેસ ફી ઘણા સમયથી રજૂ કરવામાં આવેલા નથી.

૨) આ કામના ફરિયાદી લાંબા સમયથી હાજર રહેલા નથી કે ફરિયાદીની ગેરહાજરી સબબ કોઈ મુકિત રીપોર્ટ પણ રજૂ થયેલ નથી.આવા સંજોગોમા ફરિયાદપક્ષે કોર્ટમા હાજર રહીને કાર્યવાહી સક્રિય પણે આગળ ચાલે તેવા કોઈજ પ્રયાસ કરેલા નથી તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

૩) કામ બજવણીના તબ્કકે હોવા માત્રથી ફરિયાદી હાજર ના રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા માટે આગળ ના આવે તે ઈચ્છનીય નથી,આરોપીપરના પ્રોસેસ બજાવવા માટે પ્રોસેસ ફી લગાવવાની કે સરનામા રજૂ કરીને કાર્યવાહી આગળ ધપાવવાની હોય છે પરંતું તેવા કોઈ સક્રિય પ્રયાસો કરવામાં આવેલ હોવાનું જણાય આવતું નથી. કાયદાકીય જોગવાઈ મુજબ હાલના કેસની કાર્યવાહી ૬ માસમાં પુર્ણ કરવાની હોયછે પરંતુ આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા લાંબા સમયથી ફરિયાદી હાજર રહેતા નથી તેવા સંજોગોમા ફાઈલ પ્રોસેસ બજવાના તબકકે કામગગીરી એમ ને એમ પડી રહેલ છે.

૪) આ સબંધે ના.ગુજરાત હાઈકોર્ટનો ભવાની વીરુધ્ધ એપીરીયન્સનો ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ માં તા–૧૮/૦૧/૨૦૧૦ નો ચુકાદો ધ્યાને લેતાં,તેમાં ના.ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૬ ની છણાવટ કરેલ છે અને ઠરાવેલછે કે,જો ફરીયાદી કે લાંબાસમયથી કાર્યવાહીમાં હાજર ન રહેતા હોય અને કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો, ફરીયાદપક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ્દ થવાને પાત્ર છે.

૫) આમ,ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેલ ન હોય કે, આરોપી ઉપર પ્રોસેસ બજાવવા માટેની પ્રોસેસ ફી પણ લાંબા સમયથી રજુ કરવામાં આવેલ ન હોય તે ધ્યાને રાખતાં ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૦૪(૪) અને કલમ–૨૫૬ ને સંયુકત અને પૃથ્થકરણ રીતે વાંચતા હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ્દ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેછે.

**<u>–: હુકમ :–</u>**

ફરિયાદીની ગેરહાજરી ના કારણે હાલની ફરિયાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૦૪(૪) તથા કલમ ૨૫૬ અન્વયે રદ્દ કરવામા આવે છે તથા આરોપીને તેમની વીરુધ્ધના લઘુતમ વેતન એકટ ના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

આજ તા–૦૮, માહે–જુલાઈ ,સને–૨૦૧૭ ના રોજ લોક અદાલતમા જાહેર કર્યો.

**તા–૦૮/૦૭/૨૦૧૭.**
**આણંદ.**

**(આર.એ.નાગોરી)**
**GJ00722**
એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક
**આણંદ.**